Sp.C.S. NO 01 OF 2020
ORDER Bellow Ex - 5

## -ः વાદી તરફેની આંક - ૫ ની અરજી તળેનો હુકમ ः-

(૧) આ કામના વાદી તરફે રજુ રાખવામાં આવેલ હાલની અરજી રેકર્ડ સાથે વંચાણે લેવામાં આવી. અરજીના અનુસંધાને પ્રતિવાદીઓ તરફે રજુ રાખવામાં આવેલ આંક - ૨૬ વાળા વાંધાજવાબ ધ્યાને લેવામાં આવ્યા. અરજીના અનુસંધાને બંને પક્ષના વિ. વ. શ્રીઓની વિસ્તૃત રજુઆતો સાંભળવામાં આવી. વાદી તરફે રજુ રાખવામા આવેલ આંક-૨૯ વાળી લેખીત દલીલ તથા પ્રતિવાદી તરફે રજુ રાખવામા આવેલ આંક-૩૧ વાળી લેખીત દલીલ વંચાણે લેવામા આવી. આ હુકમ આ અરજી તળે કરવામાં આવતો હોય પુનરાવર્તન તથા લંબાણ નિવારવાના હેતુથી અરજીની હકીકતોનો અત્રે ફરી વખત ઉલ્લેખ કરવામાં આવતો નથી.

(૨) હાલની અરજી કરી આ કામના વાદી તરફે એવી તકરાર ઉઠાવવામાં આવેલ છે કે, આ કામના વાદીઓ તરફે આ કામના પ્રતિવાદીઓ ગુજરનાર રૈયાભાઇના વારસદારો છે . તેઓની વડીલોપાર્જીત જમીન જેતપુર તાલુકાના આરબટીંબડી ગામે દાવાઅરજી પેરા-૪ ની હકીકતોએ આવેલ છે. આ કામના પ્રતિવાદી ના નામે હાલે જે જમીન આવેલ છે તે જમીન વડીલોપાર્જીત રહેલી છે. ગુજરનાર રૈયાભાઇને ભાઇઓ ભાગની વહેચણીની નોંધ નં.૬૫૫ થી આ જમીન મળેલ હતી. આ કામના વાદી નં.૧-૨ તથા આ કામના પ્રતિવાદી નં.૧ ના વારસદારો તચથા પ્રતિવાદી નં.૬ ના વારસદારોનો આ જમીન ૧/૪ હિસ્સો આવેલો છે. ગુજરનાર રૈયાભાઇ પ્રતિવાદી નં.૧ સાથે સંયુકત પરીવારમા રહેતા હતા. તકરારી જમીનના કયારેય હિસ્સાઓ અલગ થયેલા નથી. આ જમીનની કયારેય ભાઇઓ ભાગની વહેંચણી કરવામા આવેલ નથી. આ કામના પ્રતિવાદીઓ આ જમીન ખેડતા હતા અને તેની જે ઉપજ નીપજ આવે તેનો હિસાબ આ કામના વાદીઓને ભાગે પડતા આપતા હતા જેથી આજદિન સુધી કોઇ તકરાર ઉઠાવવામા આવેલ નહી. તા.૧૫-૦૪-૨૦૧૭ ના

રોજ પ્રતિવાદી નં.૧ વાળાએ હિસ્સો આપેલ નહી તેથી રેવન્યુ રેકર્ડની ખરીનકલ કઢાવતા તા.૦૧-૦૫-૨૦૧૭ ના એવુ જાણવા મળેલ કે દાવાવાળી તકરારી મિલક્તો આ કામના વાદીઓ તથા આ કામના પ્રતિવાદી નં૬ વાળાએ કોઇ સંમતી આપેલ ન હોવાછતાં પ્રતિવાદી નં.૧ ના ખાતે રેવન્યુ રેકર્ડ મા ચડી જવા પામેલી. પ્રતિવાદી નં.૧ વાળાએ તકરારી જમીનો પ્રતિવાદી નં.૨ થી ૫ ના નામે પણ ટ્રાન્સફર કરેલી. આ જમીન વડીલોપાર્જીત હિન્દુ સંયુકત કુટુંબની હોય વાદીઓ પરણીને સાસરે ચાલ્યા ગયેલા હોય આ કામના પ્રતિવાદી નં.૧ વાળાએ હકક ડુબાડવા માટે આ જમીન પોતાના નામે ચડાવી દીધેલી. રેવન્યુ દફતરે પડેલ નોંધોને પડકારવા માટે નાયબ કલેકટરશ્રી મા અરજી કરેલી પરંતુ વિલંબના કામ ઉપર અપીલ રદ થયેલી જે વિરૂધ્ધ કલેકટરશ્રીમા અપીલ કરવાના છે તેવી જાહેરાત કરેલી. આ કામના પ્રતિવાદીઓ ચાલુ દાવા દરમ્યાન દાવાવાળી તકરારી મિલ્કત અન્ય કોઇને વેચાણ, ટ્રાન્સફર કરી દે તો મલ્ટીપ્લીસીટી ઓફ ધી સ્યુટ થાય તેમજ વાદીઓને પણ નુકશાન આવે તેમ જણાવી હાલની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે. તેમજ પોતાની રજુઆતના સમર્થનમા નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખવામા આવેલા છે.

(૧) એ.આઇ.આર.૨૦૧૮, સુપ્રીમકોર્ટ, પાના નં.૭૨૧, દાનમ્મા ઉર્ફે સુમન સુરપુર અને બીજો વિરૂધ્ધ અમર અને બીજા,

(૨) ૧૯૮૩(૨),જી.એલ.આર.પાના નં.૯૬૧, ઇબ્રાહીમશા મહમદ અને બીજા વિરૂધ્ધ નુરએહમદ નુરમહમદ અને બીજા,

(૩) એ.આઇ.આર. ૨૦૧૨, સુપ્રીમકોર્ટ, પાના નં.૨૧૬, સુરજલેમ્પ એન્ડ ઇન્ડસ્ટરીઝ પી. લીમી. વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા અને બીજા,

(૪) ૨૦૦૯(૨),જી.એલ.એચ.પાના નં.૯૪, શેહગુપ્તા વિરૂધ્ધ દેવીસરૂપ અને બીજી

(૫) ૨૦૦૫(૩),જી.એલ.આર. પાના નં.૨૧૧૦, ગુજરાત, કાંતીભાઇ ઇશ્વરભાઇ પટેલ વિરૂધ્ધ ચંદ્રકાંત ઇશ્વારભાઇ પટેલ અને બીજા,

(૬) ૨૦૦૨(૨) જી.એલ.એચ. પાના નં.૩૨૨, રાકેશ શીવભગવાન અગ્રવાલ વિરૂધ્ધ

તલાટી કમ મંત્રી,

(૩) આ કામે પ્રતિવાદી તરફે વિ.વ.શ્રીની મુખ્યત્વે એવી રજુઆત છે કે, આ કામના વાદી તરફથી દાખલ કરવામા આવેલ હાલનો દાવો સમયમર્યાદા બહારનો છે. હાલનો દાવો મુખત્યાર દરજજે દાખલ કરવામા આવેલ તે મુખત્યારનામુ કાયદેસર નથી. હાલનો દાવો દાખલ કરનાર વ્યકિતએ અદાલતની પરવાનગી લઇ વહીવટકર્તા તરીકે દાવો દાખલ કરેલ નથી. આ કામના વાદીઓએ પોતાનો હિસ્સો મેળવી લીધેલ છે છતા ખોટી રીતે હાલનો દાવો લાવેલ છે. કહેવાતી જમીન હિન્દુ સંયુકત પરીવાની હોવાનો ઇન્કાર કરવામા આવે છે. ગુજરનાર રૈયાભાઇને ભાઇઓ ભાગની વહેંચણીમા જમીન મળેલી તેવુ સ્વિકારવામા આવે છે. વાદીઓ જયારે સાસરે ગયા ત્યારે તેઓને હિસ્સે આવતી રોકડ રકમ, દાગીના તથા તમામ લાગભાગ આપી દેવામા આવેલ છે. પ્રતિવાદીને તેમના પિતાશ્રી પાસેથી વહેચણીમા જમીન પ્રાપ્ત થયેલ છે. વાદીઓએ પોતાના હકક, હિસ્સા મેળવી લીધેલ હોય રેવન્યુ રેકર્ડમા પ્રતિવાદી નં.૧ ની તરફેણમા હકક જતા કરેલા પરંતુ હાલે લાલચ જાગતા દાવો કરેલ છે. વાદીઓની નાયબ કલેકટરશ્રી સમક્ષની અપીલ વિલંબના કારણે રદ થયેલી.હાલે જમીનના ભાવ વધી ગયેલા હોય તેથી વર્ષ–૨૦૦૧ મા હકક જતા કરેલ હોવાછતાં ખોટી તકરાર ઉઠાવી અદાલત સમક્ષ આવેલા છે. આ કારણોસર પણ વાદીઓની અરજી ટકવાપાત્ર ન હોય રદ કરવા રજુઆત કરવામા આવેલ છે.

(૪) આ અરજીના કામે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ જણાય આવે છે?

૨. આ કામે બેલેન્સ ઓફ કન્વીનિયસ કોની તરફેણમાં છે?

૩. જો મનાઇહુકમ ફરમાવવામાં ન આવે તો વાદીને નાણામાં ન પુરી શકાય તેવું નુકસાન વાદીને આવે તેમ છે કે કેમ?

૪. શું હુકમ?

(૫) ઉપરોક્ત મુદ્દાઓના કામે નીચે મુજબના ન્યાયનિર્ણય ફરમાવવામાં આવે છે.

૧. હકારમાં

૨. હકારમાં

૩. હકારમાં

૪. આખરી હુકમ મુજબ

**-ઃ કારણો ઃ-**

**મુદ્દા નં. ૧ ના કારણોની ચર્ચા ઃ-**

(૬) હાલનો દાવો દાખલ કરી આ કામના વાદી જે તકરાર લઈને અદાલત સમક્ષ આવેલ છે, જે તકરારના કામે આ કામના વાદીનો પ્રથમ દર્શનીય કેસ રહેલ છે કે કેમ? તેવી હકીકતો હાલની તબક્કે અદાલતે પક્ષકારો તરફે રજુ રાખવામાં આવેલ પક્ષ નિવેદન તથા દસ્તાવેજી પુરાવાઓ આધારે ધ્યાને લેવાની રહે છે. જો આ કામના વાદી પ્રથમ દર્શનીય કેસ હોવાનું દર્શાવવામાં સફળ થતા હોય તો આ કામના વાદી મનાઈહુકમ મેળવવા હક્કદાર બનતા હોય તેવી સ્થિતિ કહી શકાય. જો વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું ફલિત થાય નહિ તો હાલના તબક્કે માંગ્યા મુજબનો મનાઈહુકમ ફરમાવવાના વાદીની તરફેણમાં સંજોગો રહેલ નથી તેવું કહી શકાય.

(૭) આ કામે પક્ષકારો તરફે રજુ રાખવામાં આવેલ પક્ષ નિવેદન તથા દસ્તાવેજી પુરાવાઓની હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ કામે વાદી પક્ષે માર્ક-૩/૨ થી આરબટીંબડી ગામના ગામ નમુના નં.૬ હકકપત્રકની નોંધ નં.૬૫૫, તા.૨૦-૦૬-૧૯૭૦ વાળી રજુ રાખવામા આવી છે જે મુજબ રૈયાભાઈ ભીમાભાઈ તથા કાકાભાઈ ભીમાભાઈના નામે ભાઈઓ ભાગની વહેંચણી થયાની નોંધ થયેલી. આ કામે માર્ક૩/૩ થી

આરબટીંબડી ગામના ગામ નમુના નં.૬ હકકપત્રકની નોંધ નં.૧૧૪૦ વાળી રજુ રાખવામા આવેલ છે જે મુજબ રૈયાભાઇ ભીમાભાઇના ખાતેની જમીન હિરાભાઇને આપવામા આવેલ હોવાનુ નોંધ કરવામા આવેલ છે જે ધ્યાને લેતા પ્રતિવાદી નં.૧ વાળાને મળેલી કહેવાતી જમીન વડીલોપાર્જીત હોવાની હકીકતને સમર્થન મળતુ હોવાનુ માનવાને કારણ જણાઇ આવે છે.

(૮) આ કામે આરબટીંબડી ગામના ગામ નમુના નં.૬ હકકપત્રકની ૧૫૧૨ ની રજુ રાખવમા આવેલ છે તે મુજબ શારદાબેન હિરાભાઇ, જયસુખભાઇ હિરાભાઇ, સુભાષભાઇ હિરાભાઇ તથા દિપકભાઇ હિરાભાઇના ખાતે સર્વે નં.૧૬ પૈકીની જમીનની હૈયાતીમા વહેચણી કરવામા આવેલ હોય તેવુ જણાઇ આવે છે. આ કામે માર્ક-૩/૫ થી રજુ થયેલી આરબટીંબડી ગામના ગામ નમુના નં.૬ હકકપત્રકની નોંધ નં.૧૫૩૬ વંચાણે લેતા રૈયાભાઇએ તેઓની જમીન પ્રતિવાદી નં.૧ ને આપેલ હોવાનુ ફલીત થાય છે. આમ, પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨ થી ૫ વાળા પાસેથી જે મિલ્કતો રહેલી છે તે મિલ્કતો ગુજ.રૈયાભાઇની આવેલી હોય તેવી હકીકતનો સમર્થન મળતુ હોવાનુ જણાઇ આવે છે.

(૯) આ કામે પ્રતિવાદી તરફે રજુ રાખવામા આવેલ વાંધા જવાબ તથા પ્રતિવાદી પક્ષની રજુઆતને ધ્યાને લેવામા આવે તો આ કામના વાદીઓ ગુજ.રૈયાભાઇના વારસદારો નથી તેવી કોઇ તકરાર ફલીત થતી નથી. આ કામના વાદીઓ તથા પ્રતિવાદીઓ ગુજ.રૈયાભાઇના વારસદારો હોય તેવી હકીકતો જયારે રેકર્ડ આધારીત ફલીત થાય છે ત્યારે ગુજ.રૈયાભાઇની વડીલોપાર્જીત મિલ્કતમા વાદીઓ અને પ્રતિવાદીઓ તમામનો હકક, હિસ્સો સમાયેલ હોય તેવી હકીકતોને નહી માનવાને કારણ જણાઇ આવતુ નથી.

(૧૦) આ કામે વાદી પક્ષે રજુ રાખવામાં આવેલ દસ્તાવેજોને પ્રતિવાદીના જવાબ સાથે

વંચાણે લેવામાં આવે તો એવું ફલિત થઇ રહેલ છે કે, આ કામના પ્રતિવાદીઓ તરફે આ કામના વાદીઓને  તેઓની મિલકત સબંધે હક્ક – અધિકારો આપી દેવામાં આવેલ હોય તેવી સ્થિતિ રહેલ છે. આ કામે રેવન્યુ રેકર્ડ ઓફ રાઇટ્સના રજુ રાખવામાં આવેલ ઉતારાઓ વંચાણે લેતા આ કામના પ્રતિવાદીઓ ની દાવાવાળી તકરારી મિલકતમાં માલિકી તથા કબજો હોય તેવી હકીકતો માનવાને કારણ જણાય આવે છે. આ કામના વાદીઓ તથા પ્રતિવાદીઓ દાવાવાળી તકરારી મિલકતના સહ માલિક તથા સહ કબજેદાર હોય તેવું આ રેવન્યુ રેકર્ડ ઓફ રાઇટ્સ આધારે ફલિત થતુ નથી. પરંતુ વાદી તથા પ્રતિવાદી વચ્ચેના સંબંધો તથા રેવન્યુ રેકર્ડ ઓફ રાઇટસમા થયેલી નોંધો વંચાણમા લેવામા આવે તો તકરારી મિલ્કતો વડીલોપાર્જીત રહેલી છે તે સંબંધે કોઇ તકરાર થઇ શકે તેમ નથી. વાદીઓ તરફે રજુ રાખવામા આવેલા નામદાર મહેરબાન સર્વોચ્ચ અદાલત તથા નામદાર મહેરબાન વડી અદાલતના ચુકાદાઓમાં ઠરાવવામા આવેલા માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા આ કામના વાદીઓનો વડીલોપાર્જીત મિલ્કતમા હકક, અધિકાર સમાયેલ હોય તેવુ માની શકાય તેવી સ્થિતિ જણાઇ આવે છે. આ કામના પ્રતિવાદીઓ જો આ મિલ્કત વેચાણ કરી નાંખે તો અનેક દાવાદુવી ઉતપન્ન થશે તેવી સ્થિતિ જણાઇ આવે છે ત્યારે આ કામના વાદીઓને દાવાવાળી તકરારી મિલકતમાં હક્ક – અધિકારો સમાયેલા હોય તેવું પ્રથમ દર્શનીય રીતે માનવાને કારણ જણાય આવે છે.

ઉપરોક્ત રેકર્ડ પરની હકીકતો, કારણો, સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થિતિ ધ્યાને લઇ મુદ્દા નં. – ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. – ૨ તથા ૩ ના કારણોની ચર્ચા ઃ–</u>**

(૧૧) ઉપરોક્ત મુદ્દાની હકીકતો તથા કારણો એકબીજા સાથે સંકળાયેલ હોય પુનરાવર્તન

તથા લંબાણ નિવારવાના હેતુથી બંને મુદ્દાઓની ચર્ચા અત્રે એકસાથે કરવામાં આવે છે.

(૧૨) આ કામે ઉપરોક્ત મુદ્દા નં. – ૧ ની કરવામાં આવેલ ચર્ચા મુજબ આ કામના વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું ફલિત થઈ રહેલ છે. આ કામના વાદીને માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે અને દાવો ચાલતા દરમિયાન આ મિલકત અન્ય કોઈને વેચાણ – ટ્રાન્સફર કરી નાખે તો સ્વાભાવિક રીતે મલ્ટિપ્લીસીટી ઓફ ધી શ્યુટ થાય અને પક્ષકારોએ અનેક દાવાદુવીમાં ઉતરવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય. હાલના તબક્કે આ કામના પ્રતિવાદીને આ મિલકત અન્ય કોઈને વેચાણ – ટ્રાન્સફર કરતા અટકાવવામાં આવશે તો પ્રતિવાદીને વાદી કરતા વધારે નુકસાન આવશે અથવા વાદી કરતા વધારે અગવડતા આવે તેવી સ્થિતિ જણાય આવતી નથી.

ઉપરોક્ત રેકર્ડ પરની હકીકતો, કારણો, સંજોગો તથા કાયદાની સ્થિતિ તથા પરિસ્થિતિ ધ્યાને લઈ મુદ્દા નં. – ૨ તથા ૩ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં. ૪ ના કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –ઃઆખરી હુકમ ઃ–

(૧) આ કામના વાદીની આંક – ૫ ની અરજી સિવિલ પ્રોસિજર કોડ ઓર્ડર ૩૯ રૂલ ૧–૨ તથા કલમ – ૧૫૧ તથા કલમ – ૯૪ માં મળેલ સત્તાની રૂએ આથી મંજુર કરવાનો આદેશ કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીએ જાતે કે મજૂર, માણસો મારફતે દાવાવાળી તકરારી મિલકત દાવાના આખરી નિકાલ થતા સુધી કોઈને વેચાણ, ટ્રાન્સફર, તબદિલ, એસાઈન કરવી કરાવવી નહિ કે દાવાવાળી તકરારી મિલકતનો કબજો કોઈને સોંપવો સોંપાવવો નહિ તેવો

દાવાના આખરી નિકાલ થતા સુધી મનાઈહુકમ ફરમાવવામાં આવે છે.

(૩) આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તા. ૨૫ મી, માહે. – એપ્રિલ, સને – ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

**Date : 25/04/2022**
**Place : Jetpur**

**(Pareshgiri Natvargar Goswami)**
**Principal Sr. Civil Judge**
**Jetpur. Code No. GJ01037.**